સી.પી.એમ.યુ. જા.નં. ૬૩૭
મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.
તા. ૧૧/૧૦/૨૦૨૨

પ્રતિ,
પ્રોગ્રામ ઓફિસરશ્રી (એડમિન),
નેશનલ હેલ્થ મિશન,
ગાંધીનગર.

વિષય : NHM પ્રોગ્રામ અંતર્ગત ૧૧ માસની કરાર આધારીત વિવિધ સંવર્ગની જાહેરાત આરોગ્યસાથી સોફટવેરમાં પ્રસિધ્ધ કરવા બાબત.

માન. સાહેબશ્રી,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ભાવનગર મહાનગરપાલિકામાં NHM પ્રોગ્રામ અંતર્ગત ૧૧ માસની કરાર આધારીત ખાલી પડેલ વિવિધ સંવર્ગની જાહેરાત અંગેની માહિતી આરોગ્યસાથી સોફટવેરમાં પ્રસિધ્ધ કરી આપવા અંગે આપ સાહેબશ્રી ને નમ્ર વિનંતી છે.

મેમ્બર સેક્રેટરી
અર્બન હેલ્થ સોસાયટી અને
મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ સવિનય રવાના :
(૧) માન. કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા.
(૨) નાયબ કમિશ્નરશ્રી(એડમિન), ભાવનગર મહાનગરપાલિકા.

નકલ રવાના :
(૧) આર.સી.એચ.ઓશ્રી, ભાવનગર મહાનગરપાલિકા.
(૨) સી.પી.એમ. યુનીટ, સરદારનગર, ભાવનગર.

# જાહેરાત ક્રમાંક નં. ૨૦૨૨–૨૩

## ૧૧ માસનાં કરાર પધ્ધતિથી ભરતી કરવા બાબત.

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ભાવનગર કોર્પોરેશનમાં નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસનાં કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષા યાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૫/૧૦/૨૦૨૨ થી તા.૨૨/૧૦/૨૦૨૨ (દીન–૮) સુધીમાં આરોગ્ય સાથી સોફટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોકત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ / કુલ જગ્યા / વય મર્યાદા | જરૂરી શૈક્ષણીક લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (કુલ જગ્યા–૧) વય મર્યાદા – ૬૨ વર્ષ | એમ.બી.બી.એસ. તથા ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી. | ૬૦,૦૦૦/– |
| ૨ | ફાર્માસીસ્ટ (કુલ જગ્યા–૧) વય મર્યાદા – ૫૮ વર્ષ | માન્ય યુનિર્વસીટીમાંથી ડીપ્લોમા / ડીગ્રી ફાર્મસી. ગુજરાત ફાર્મસી કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી. હોસ્પિટલ તથા ડીસ્પેન્સરીમાં મેડીસીનનો અનુભવ ધરાવનારને પ્રાથમિકતા આપવામાં આવશે. | ૧૩,૦૦૦/– |
| ૩ | એ.એન.એમ. / એફ.એચ.ડબલ્યુ / (કુલ જગ્યા–૫)<br>આર.બી.એસ.કે. એ.એન.એમ. (કુલ જગ્યા–૨) વય મર્યાદા – ૫૮ વર્ષ | સરકાર માન્ય એ.એન.એમ. કોર્ષ / ડીપ્લોમા નર્સીંગ પાસ. ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન જરૂરી છે. (ફકત સ્ત્રી ઉમેદવારની અરજી ધ્યાનમાં લેવામાં આવશે) | ૧૨,૫૦૦/– |
| ૪ | ફાયનાન્સ આસીસ્ટન્ટ (કુલ જગ્યા–૧)<br>વય મર્યાદા – ૫૮ વર્ષ | માન્ય યુનીવર્સિટીનાં કોમર્સ સ્નાતક તેમજ કોમ્પ્યુટર એપ્લીકેશન ડીપ્લોમા / સર્ટીફીકેટ ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન.<br>---------<br>એકસપર્ટાઈઝ ઈન કોમ્પ્યુટર, સોફટવેર મેનેજમેન્ટ (એમ.એસ. ઓફીસ / Tally / એકાઉન્ટીગ / GIS / RCH Software / ફાઈલીંગ સીસ્ટમ ), હાર્ડવેરની જાણકારી, ગુજરાતી અને અંગ્રજી ભાષામાં ઝડપી ટાઈપીંગ. સરકારી કે NGO સંસ્થાનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી અતિ આવશ્યક છે | ૧૩,૦૦૦/– |
| ૫ | ડેટા એન્ટ્રી ઓપરેટર કમ એકાઉન્ટન્ટ (કુલ જગ્યા–૧) વય મર્યાદા – ૫૮ વર્ષ | કોમર્સ સ્નાતક એમ.કોમ/બી.કોમ. કોમ્પ્યુટર એપ્લિકેશનમાં ડીપ્લોમાં/સર્ટીફીકેટ કોમ્પ્યુટર સોફટવેરનું (એકાઉન્ટન્ટ સોફટવેર, એમ.એસ.ઓફીસ, જી.આઈ.એસ. સોફટવેર વગેરે) હાર્ડવેરનું જ્ઞાન હોવું જોઈએ. ઓફીસ મેનેજમેન્ટ અને ફાઈલીંગમાં કુશળતા. અંગ્રેજી અને ગુજરાતીમાં સારી ટાઈપિંગ અને ડેટા એન્ટ્રી સ્કીલ તથા આ ભાષાઓનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | ૧૩,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૬ | ડેટા એન્ટ્રી ઓપરેટર<br>HMIS / MCTS ઓપરેટર<br>(કુલ જગ્યા–૧)<br>વય મર્યાદા – ૫૮ વર્ષ | કોઈપણ શાખા માંથી સ્નાતક. કોમ્પ્યુટર એપ્લિકેશનમાં ડીપ્લોમાં/સર્ટીફીકેટ કોર્ષ. કોમ્પ્યુટર સોફટવેરનું (એમ.એસ.ઓફીસ, જી.આઈ.એસ. સોફટવેર વગેરે) જ્ઞાન તેમજ અંગ્રેજી અને ગુજરાતીમાં સારી ટાઈપિંગ અને ડેટા એન્ટ્રી સ્કીલ તથા આ ભાષાઓનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. | ૯,૫૦૦/– |

**ઓન લાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :–**

- ઉમેદવારની ફકત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ ધ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જરૂરી ડોકયુમેન્ટ અપલોડ કરેલ નહી હોય તેમની અરજી નામંજુર કરવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- તમામ કેડરની પસંદગી માટે ડીગ્રી / ડીપ્લોમા / ગ્રેજયુએશનનાં ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ તૈયાર કરી તેમજ ફાઈનલ વર્ષમાં એક થી વધુ ટ્રાયલ હોય તો પ્રતિ ટ્રાયલ ૩ % બાદ કરીને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. એકાઉન્ટન્ટ કમ ડેટા આસી.ની કેડર માટે કોમ્પ્યુટર સ્કીલ આવશ્યકતા હોઈ ToR માં દર્શાવ્યા અનુસાર કોમ્પ્યુટર લાયકાત ધરાવતા હોય તેમને મેરીટમાં કન્સીડર કરવામાં આવશે.
- ઉમેદવારે એક કરતા વધુ પોષ્ટ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.
- જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે.
- ઉકત જગ્યાઓ માટેનો કરાર આધારીત સમયગાળો ૧૧ માસ માટેનો રહેશે. જે મુદતમાં જરૂરીયાત તેમજ બજેટનાં આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.
- ઉકત જગ્યામાં વધારો કે ઘટાડો કરવો કે ભરતી રદ કરવી તેનો આખરી નિર્ણય ચેરમેનશ્રી, અર્બન હેલ્થ સોસાયટી, ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે.

**ચેરમેન, અર્બન હેલ્થ સોસાયટી**
**વ કમિશ્નર,**
**ભાવનગર મહાનગરપાલિકા**

# ભાવનગર મહાનગરપાલિકા

## આરોગ્ય શાખા –મહાનગરપાલિકા ખાતે

## તદન હંગામી ધોરણે કરાર આધીન જગ્યાઓ ભરવા અંગે

ભાવનગર મહાનગરપાલિકા, આરોગ્ય શાખા હસ્તક નેશનલ હેલ્થ મિશન હેઠળ મેડીકલ ઓફીસર (MBBS), ફાર્માસીસ્ટ, એ.એન.એમ. / આર.બી.એસ.કે. એ.એન.એમ., ફાયનાન્સ અસીસ્ટન્ટ, ડેટા એન્ટ્રી ઓપરેટર કમ એકાઉન્ટન્ટ, ડેટા એન્ટ્રી ઓપરેટરની ભરતી ૧૧ માસ માટે કરાર આધારીત કરવાની છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો આરોગ્ય સાથી ની વેબસાઈટ https://arogyasathi.gujarat.gov.in પર પ્રદર્શિત કરેલ છે. ઈચ્છુક ઉમેદવારોએ તા. ૧૫/૧૦/૨૦૨૨ થી તા.૨૨/૧૦/૨૦૨૨ સુધીમાં વેબ સાઈટ પર દર્શાવેલ પધ્ધતિથી અરજી કરવા જણાવવામાં આવે છે. જાહેરાતની તમામ વિગતો વાંચીને પછી અરજી કરવી.

સહી/–
ચેરમેન, અર્બન હેલ્થ સોસાયટી
વ કમિશ્નર,
ભાવનગર મહાનગરપાલિકા